# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ માર્ગશીર્ષ પૂર્ણિમા ❖ 12 ડિસેમ્બર 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 09 ❖ સળંગ અંક - 237

## ધમ્મવાણી

| | |
|---|---|
| कयिरा चे कयिराथेनं | જો કોઇ કામ કરવાનું હોય તો |
| दळ्हमेतं परक्कमे। | બરાબર કરો. તેમાં દૃઢ પરાક્રમથી |
| सिथिलो हि परिब्बाजो | લાગી જાવ. ઢીલોપોચો સંન્યાસી |
| भिय्यो आकिरते रजं।। | અધિક ધૂળ ઉડાડે છે. |

-ધમ્મપદ

## મહાલી લિચ્છવી - ૨

ગતાંકથી ચાલુ...

### ધન્ય બની વૈશાલી

તથાગત સહિત પાંચસો ભિક્ષુઓને લઇને વિશાળ નૌકાઓનું યુગ્મ ગંગા નદી પાર કરતું ઉત્તરી કિનારા પર સ્થિત લિચ્છવીઓની ગણતંત્રભૂમિ તરફ મંથરગતિથી આગળ વધવા લાગ્યું. જ્યારે મગધનો કિનારો છોડ્યો ત્યારે આકાર ચોખ્ખું હતું. વાદળનું એક છુંછું પણ ક્યાંય દેખાતું ન હતું. પરંતુ ગંગાની મધ્યધારાને પાર કરતાં કરતાં તો આકાશમાં વાદળો છવાવા લાગ્યાં. આગલા તટની નજીક પહોંચતાં–પહોંચતાં તો આખું આકાશ કાળા ઘાટા વાદળોથી છવાઇ ગયું. બપોરનો સૂર્ય આ ઘનઘોર ઘટાની પાછળ છુપાઇ ગયો. ઘનીભૂત મેઘરાજાનો ગુરુ–ગંભીર ગડગડાટ અને ચમકતી વીજળીના તીવ્ર તેજ કડકડાટથી આખું નભોમંડળ ગાજી ઊઠ્યું. ક્યાંક–ક્યાંક ચકાચૌંધ કરી દેનારી વીજળી ચમકતી તો ગંગાની લહેરોમાં તેની ચમક–દમક પ્રતિબિંબિત થઇ ઊઠતી. આવા વાતાવરણમાં નૌકા ધીમે ધીમે આગળના તટ પર પહોંચી રહી હતી. જેવી રીતે મહારાજ બિંબિસારે ગળાડૂબ પાણીમાં પ્રવેશ કરી ભગવાન બુદ્ધને વિદાય આપી, તેવી જ રીતે વૈશાલી ગણરાજ્યના રાજાઓએ ગળાડૂબ પાણીમાં ઊતરીને ભગવાનને આવકાર્યા. કિનારા પર વિશાળ જનસમુદાય રંગબેરંગી ધ્વજપતાકા લઇને, ફૂલમાળાઓ અને પુષ્પપાંખડીઓથી ભરેલ થાળ લઇને સ્વાગત માટે ઉપસ્થિત હતો. આકાશમાં વાદળોની ઘનઘોર ગર્જના અને રહીરહીને વીજળીઓના થતો કડકડાટ દુકાળપીડિત નાગરિકોના મૂરઝાયેલા માનસમાં આનંદની લહેરો ઉત્પન્ન કરતો હતો. ભિક્ષુસંઘ સહિત ભગવાને નૌકા પરથી અવરોહણ કર્યું. તટ પર પગ મૂકતાં જ મૂશળધાર વરસાદ પડવા લાગ્યો. જનતાના જયજયકારનો તુમુલ ધ્વનિ આખા વાયુમંડળમાં ગુંજી ઊઠ્યો. વર્ષામાં પલળતાં લોકો ઢોલ–મંજીરા વગાડવા લાગ્યાં, હર્ષવિભોર થઇને નાચવા–ગાવા લાગ્યાં. તે દિવસોની આનંદ પ્રગટ કરવાની પ્રથા અનુસાર લોકો પોતાના દુપટ્ટા હવામાં ઉછાળવા લાગ્યાં. કેટલાય લોકો પોતાની આંગળીઓથી ચપટી વગાડવા લાગ્યાં. જેવી રીતે આજકાલ લોકો તાળીઓ વગાડી પોતાનો આનંદ પ્રગટ કરે છે. ઉપર આકાશમાં વાદળ અને વીજળીને ગડગડાટ અને નીચે ધરતી પર ધારાપ્રવાહ વર્ષાની રિમઝિમ–રિમઝિમની સાથે સાથે હર્ષોલ્લાસિત જનસમુદાયનું વાદન–ગાયન અને તથાગત પ્રત્યે સૂત્રોચ્ચાર સાથે અભિવાદન, આમ બધું મળીને એક ભવ્ય દૃશ્ય સર્જાયું હતું. મહાકરુણાવાન ભગવાન બુદ્ધની સાથે સાથે ચિર્ણ પ્રતીક્ષિત વર્ષાના આગમન સાથે સ્વાગતનો સમારંભ વાતાવરણને ઉમંગ અને ઉલ્લાસથી તરબોળ કરી રહ્યો હતો. નૌકામાંથી ઊતરતાં જ લિચ્છવી રાજાઓ સહિત સમગ્ર જનસમૂહ ભગવાનના ચરણોમાં શ્રદ્ધાથી ઝૂકી ગયો.

ઊભરાતા હર્ષોલ્લાસની સાથે બધા લોકો ભગવાન અને ભિક્ષુસંઘની પાછળ–પાછળ ત્રણ યોજન દૂર વૈશાલી રાજનગરી તરફ ચાલવા લાગ્યા. જેમ મહારાજ બિંબિસારે રાજગૃહથી ગંગાતટ સુધી પાંચ યોજનના માર્ગને સ્વચ્છ–સાફ કરાવીને એક–એક યોજનના અંતર ઉપર વિશ્રામની વ્યવસ્થા કરી હતી, તેનાથી ઘણી સારી વ્યવસ્થા લિચ્છવી રાજાઓએ કરી.

આમ ત્રણ દિવસની પદયાત્રા પૂરી કરીને વૈશાલીના નગરદ્વારની પાસે વિશ્રામગૃહમાં ભગવાન રોકાયા. તેમણે કેટલાક ભિક્ષુઓ સાથે આનંદને ત્રણ કિલ્લાઓથી ઘેરાયેલી વૈશાલી નગરીની પરિક્રમા કરતાં કરતાં રતનસૂત્રનો પરિત્રાણ પાઠ કરવાનો આદેશ આપ્યો. બીજે દિવસે ભગવાને નગરમાં પ્રવેશ કર્યો. લિચ્છવી રાજાઓ ભિક્ષુસંઘ સહિત તેઓને ગણતંત્રના સંથાગારમાં (સંસદભવન) લઇ ગયા. ત્યાં ભગવાન એક ઊંચા ધર્માસન પર બિરાજ્યા. તેમની પાછળ ભિક્ષુસંઘે આદરપૂર્વક આસન લીધું. ભિક્ષુ આનંદ ભગવાનની નજીકમાં એક નીચા આસન પર બેઠા. સામે વૈશાલી ગણતંત્રના ગણાધિપતિ, તેની નજીક વૈશાલીના સેનાપતિ તથા ગણરાજ્યના અન્ય રાજાગણ વિનમ્રભાવે બેસી ગયા. તેમની પાછળ નગરના બીજા અનેક ગણમાન્ય લોકો આવીને બેઠા. સમગ્ર જનસમુદાય શાંતિપૂર્વક બેસી ગયા બાદ ભગવાને સ્વયં રતનસૂત્રનો સસ્વર પાઠ કર્યો. ભગવાનની મહામાંગલિક નિન્નાદી વાણી સાંભળીને બધા લિચ્છવીવાસીઓએ શ્રદ્ધાવાન થઇ ઉલ્લાસભર્યા શબ્દોમાં ત્રણ વાર સાધુકારથી હર્ષાનુમોદન કર્યું.

જ્યારે ભગવાન ગંગાના લિચ્છવી તટ પર ઊતર્યા ત્યારે ત્યાં જે ઘનઘોર વર્ષા થઇ, તે વૈશાલી નગરી સુધી ન પહોંચી. પરંતુ જ્યારે ભગવાને રતનસૂત્રનો પાઠ પૂરો કર્યો તો મેઘગર્જનાની સાથે વૈશાલીમાં પણ તેટલી જ ઘનઘોર વર્ષા થઇ. આખી રાત અને આખો દિવસ આ અવિરત જલધારાએ નગરનાં ઘરઘરને, ગલીઓ અને રસ્તાઓને નવડાવી–ધોવડાવીને સ્વચ્છ કરી દીધાં. બધો કચરો નગરથી બહાર દૂર સુધી પ્રવાહિત થઇ ગયો. વર્ષાની વેગવંતી જલધારાની સાથે નગરની બધી ગંદકી જ નહીં પરંતુ તમામ દુર્ગંધ પણ વહી ગઇ અને ગંદકીના પ્રદૂષણથી ઉત્પન્ન થયેલ બધા રોગ વહી ગયા. વૈશાલી આ દુર્ભાગ્યપૂર્ણ દુકાળની ભીષણ આપત્તિથી વિમુક્તિ થઇ. પ્રાણીઓના કાળ સ્વરૂપે ફેલાયેલી મહામારીના પ્રબળ પ્રકોપથી વિમુકત થઇ અને

પ્રેતપ્રાણીઓના ઉપદ્રવ-ઉત્પાતોથી વિમુકત થઇ. ત્રિવિધ વ્યથાથી પીડિત, સંતાપિત પ્રજા ફરીથી સુખ, શાંતિ અને સમૃદ્ધિનું જીવન જીવી શકવા માટે આશાન્વિત ધન્યતાના વાતાવરણથી ઉલ્લાસિત થઇ ઊઠી.

નગરવાસીઓએ આખી રાજધાનીમાં સુગંધિત જળનો છંટકાવ કર્યો અને તેને સુંદર ફૂલોની માળાઓથી સુશોભિત કરી. ભગવાન વૈશાલી નગરીમાં પંદર દિવસ સુધી બિરાજમાન રહ્યા. તે દરમ્યાન તેઓએ રાજય પરિષદ અને જનતા સમક્ષ ઘણી વાર રતનસૂત્ર દોહરાવ્યું અને કલ્યાણકારિણી ધર્મદેશનાઓ આપી. આમ, વૈશાલી નગરીને પોતાની મંગલવાણીથી પાવન કરી પાછા વળતાં ભગવાને ત્રણ દિવસની પદયાત્રા કરી અને ગંગા નદીના ઉત્તર કાંઠા પર પહોચ્યા. ત્યાં લિચ્છવી રાજાઓએ ગળા સુધીના પાણીમાં ઊતરીને ભગવાનને વિદાય આપી. દક્ષિણતટ પર મહારાજ બિંબિસારે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. પાંચ દિવસ પાંચ યોજન માર્ગ પર ચાલીને ભગવાન રાજગિરિ પહોંચ્યા.

જયારે ભગવાન વૈશાલી ગયા હતા ત્યારે ત્યાં ફકત મહાલી જ તેમનો એકમાત્ર શ્રદ્ધાળુ શિષ્ય હતો. તે સ્રોતાપન્ન અવસ્થા પ્રાપ્ત કરી ચૂકયો હતો. પરંતુ હવે ભગવાનના વૈશાલી વિહાર દરમિયાન અનેક લોકોને આ અવસ્થા પ્રાપ્ત થઇ અને આખી વૈશાલી નગરી ભગવાનની અસીમ કરુણાથી પ્રભાવિત થઇને તેમના પ્રત્યે શ્રદ્ધાવાન થઇ ઊઠી.

સ્વયં ભગવાને તથા નગરની પરિક્રમા કરતાં ભિક્ષુ આનંદે જે રતનસૂત્રનો પાઠ કર્યો, આવો તેને સમજીએ. શું છે આ સૂત્ર અને શું છે તેની વિશેષતા ? આ સૂત્રના દરેક પદના અંતિમ ચરણમાં સત્યક્રિયાનો મંગલઘોષ છે એટલે કે સત્યવચનના પ્રતાપથી જન-મંગલનું આહ્વાન છે. તેના બોલ છે-

**एतेन सच्चेन सुवत्थि होतु ।**

અર્થાત્ આ સત્યવચનથી સ્વસ્તિ હો ! મંગલ હો ! કલ્યાણ હો !

જો કોઇ પણ સંત વ્યકિત લોકકલ્યાણ માટે પોતાના નિર્મળ ચિત્તથી કોઇ સત્યની ઘોષણા કરતાં મંગલકામના પ્રકટ કરે છે તો તે કામના ફળીભૂત થાય જ છે.

કયાં હતાં આ સત્યવચન, જેની મંગલ ઘોષણાથી વ્યાકુળ, વ્યથિત વૈશાલી નગરી સુખદ શાંતિના અમૂલ્ય લાભ થકી લાભાન્વિત થઇ ?

રતનસૂત્રમાં બુદ્ધરત્ન, ધર્મરત્ન અને સંઘરત્નની સચ્ચાઇનો ઉદ્ઘોષ કરવામાં આવ્યો હતો. બુદ્ધમાં, ધર્મમાં અને સંઘમાં જે સદ્ગુણ છે તે જ તેમાં સમાયેલાં ઉત્તમ રત્નો છે. કયા સદ્ગુણો બુદ્ધમાં, રત્નસ્વરૂપ છે ? રત્ન પણ એવાં સર્વોતમ કે એની તુલનામાં અહીંના, ત્યાંના, લોકનાં અને પરલોકનાં બધાં રત્નો ઝાંખાં પડી જાય છે ?

બુદ્ધ એટલા માટે બુદ્ધ છે કે તેમણે બધી પારમિતાઓને પરિપૂર્ણ કરીને પોતાનાં જ પરાક્રમ અને પુરૂષાર્થ દ્વારા તે નિત્ય, શાશ્વત, ધ્રુવ, ઇન્દ્રિયાતીત, લોકાતીત, નિર્વાણિક પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો કે જે સર્વોત્તમ છે. જે સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરી તે પણ સર્વોત્તમ છે. ન આ ભવમુકત અવસ્થાથી ઊંચી કોઇ બીજી અવસ્થા અને ન આ સમ્યક્ સંબોધિથી ઊંચી કોઇ અન્ય બોધિ. આ અવસ્થા સુધી પહોંચવા માટે જે ભૂંસાઇ ગયેલા મુકિતમાર્ગને બુદ્ધે શોધી કાઢ્યો. તેનાથી ઉત્તમ અન્ય કોઇ માર્ગ પણ નથી અને વળી જે કરુણ ચિત્તથી તેને શબ્દોમાં વ્યકત કર્યો. તેના પર ચાલીને અનેક લોકો લાભાન્વિત થયાં અને તે ભવમુકત અવસ્થા સુધી પહોંચી શકયાં. ભગવાનની આવી અનુત્તર કરુણાથી વધીને અન્ય કોઇ કરુણા પણ નથી. બુદ્ધે લોકોને એવો કલ્યાણકારી ધર્મ આપ્યો, જેને ધારણ કરનાર વ્યકિત એ જ રીતે સતત ઊર્ધ્વગામી થતી થતી નિર્વાણની તરફ અગ્રેસર થાય છે જે રીતે વસંત ઋતુના આરંભમાં વૃક્ષોની ટોચની શાખાઓ, ઉપશાખાઓ ઉપર ને ઉપર ઊઠે છે. આવા પરમ હિતકારી ધર્મનું પ્રકાશન બુદ્ધનો સદ્ગુણ છે. આવું સર્વોત્તમ પ્રણીત રત્ન પણ બુદ્ધમાં સમાયેલું છે.

રતનસૂત્રમાં ધર્મમાં સમાયેલાં રત્નોની પણ વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. સમાહિતચિત્ત શાકયમુનિએ આ વીતરાગજન્ય નિર્વાણિક અમૃત અવસ્થા પ્રાપ્ત કરી, જયાં બધા વિકારોનો ક્ષય થઇ જાય છે. તે લોકોત્તર અવસ્થારૂપી રત્ન સમાન અન્ય કોઇ રત્ન નથી. તેનાથી આગળ તો બીજું હોય પણ શું ?

બુદ્ધ પૂર્વેના ભારતમાં આઠેય ધ્યાન-સમાપત્તિઓ (સમાધિઓ) ઉપલબ્ધ હતી, પરંતુ તેનાથી ભવમુકિતની **अञ्ञा** એટલે કે લોકોત્તર અવસ્થા પ્રાપ્ત થતી નથી, ફકત અરૂપ બ્રહ્મલોકની ભવાગ્ર અવસ્થા જ પ્રાપ્ત થાય છે. ભગવાન બુદ્ધે સ્વયં શોધીને જે લોકાતીત અવસ્થા પ્રાપ્ત કરી શકવાની વિપશ્યના વિધિ તેમાં જોડી, તેનાથી લોકીય ધ્યાન-સમાપત્તિની સાથે સાથે લોકોત્તર ફળ-સમાપત્તિ પણ ઉપલબ્ધ થઇ શકી. આ એવી સમાધિ-અવસ્થા છે જેમાં કોઇ અંતર વિના એટલે કે તેની સાથે-સાથે જ **अञ्ञा** ની ફળ-સમાપત્તિ પણ પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠ બુદ્ધે આને પરમ પવિત્ર સમાધિ કહી. આના સમાન કોઇ અન્ય સમાધિ નથી. ધર્મમાં આ પણ એક અણમોલ, અનુત્તર ગુણરત્ન છે.

ધર્મ એવો, જેમાં શીલ, સમાધિ અને પ્રજ્ઞાના કલ્યાણકારી સમન્વયનું પર્યવસાન ભવ-વિમુકિત આપનાર નિર્વાણિક સત્યના સાક્ષાત્કારમાં થાય છે. આઠમા ધ્યાનની લોકીય સમાપત્તિ ભવાગ્ર લોકમાં જન્મ આપવા છતાં પણ તમામ પૂર્વસંચિત ભવસંસ્કાર નષ્ટ ન થયા હોવાના કારણે ફરીથી અધોગતિની તરફ લઇ જાય છે. પરંતુ, આ સંપૂર્ણ ભવવિમુકત નિર્વાણની અરહંત ફળ સમાપત્તિનો સાક્ષાત્કાર થવાથી પુર્નજન્મ નથી થઇ શકતો. આનાથી પ્રણીતતર રત્ન બીજું કયું હોય ? આનાથી પ્રણીતતર સમાધિ બીજી કઇ હોય ?

આવા અનુપમ અનુત્તર ધર્મરત્નના અભ્યાસ દ્વારા જો ફકત એક બુદ્ધ જ ભવમુકત અવસ્થા પ્રાપ્ત કરીને રહી ગયા હોત તો એવો ભ્રમ ઉત્પન્ન થઇ શકતો હતો કે આ વિદ્યા વૈજ્ઞાનિક નથી પરંતુ કોઇ અદૃશ્ય શકિતની કૃપા પર આધારિત છે. પરંતુ મહાકરુણાવાન બુદ્ધે તેને છૂટે હાથે બધા મુમુક્ષુઓને વહેંચી અને અભ્યાસ કરવાવાળાઓમાંથી અનેકોએ આ ધર્મવિધિ દ્વારા અરહંત ફળ સમાપત્તિની તે જ મુકત અવસ્થા પ્રાપ્ત કરી, ત્યારે આ સર્વજનહિતકારી, સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ વૈજ્ઞાનિક વિદ્યા કહેવાઇ. આ વિદ્યા પણ ધર્મમાં સમાયેલ અણમોલ ગુણરત્ન છે.

આવી રીતે સંઘમાં સમાયેલ ગુણરત્ન પણ અણમોલ છે. ભિક્ષુ, ભિક્ષુણી, ઉપાસક અને ઉપાસિકા સંઘ – આમ સંઘ ચાર હોય છે. આમ તો ધર્મના સુમાર્ગ પર, ઋજુ માર્ગ પર, ન્યાય માર્ગ પર અને સમુચિત માર્ગ પર ચાલનાર શ્રાવક સંઘ જ કહેવાય છે. પણ તથાગતના વાસ્તવિક શ્રાવક સંઘ તો તેઓ જ છે જેઓ અનાર્યથી આર્ય થઇ ગયા છે. આવા શ્રાવક માર્ગ-ક્ષણ અને ફળ-ક્ષણનું એક જોડકું કહેવાય છે. કેમ કે તેને માર્ગની સાથે સાથે આગળની ક્ષણે જ ફળ સમાપત્તિ પ્રાપ્ત થઇ જાય છે. આ પ્રકારે માર્ગ-ફળની જોડ પણ ચાર હોય છે. જેવા કે સ્રોતાપત્તિ, સકદાગામી, અનાગામી અને છેલ્લે અરહંત માર્ગ-ફળપ્રાપ્તિનાં જોડકાં. આ ચારેય સાધક સુગતના આર્ય શ્રાવક સંઘ કહેવાય છે. તેઓ બધા સંતો દ્વારા પ્રશંસિત હોય છે.

જેવી રીતે ચંપો, ગુલાબ વગેરે ફૂલોમાં જન્મની સાથે જ સૌંદર્ય અને સુગંધ ઉત્પન્ન થાય છે તેવી રીતે જ આર્ય અવસ્થા પ્રાપ્ત થતાં જ તેમનામાં સાથે ગુણરત્ન ઉત્પન્ન થાય છે. આ ચારેય જોડકાં

ક્રમશઃ અધિક શુદ્ધ ચિત્ત હોવાના કારણે તેમની જીવન જરૂરિયાત માટે ભોજન, ચીવર, વગેરેનું જે દાન આપવામાં આવે છે તે પુણ્યબીજ માટે તેઓ ફળદાયક ઉત્તમ પુણ્યક્ષેત્ર હોય છે. આ પણ તેમનું એક અનુત્તર ગુણરત્ન છે.

અનાર્યોની અપેક્ષામાં આ આર્ય નિશ્ચિત રૂપે મહત્તર છે, મહાન છે કારણ કે તેમની ભવ–વિમુક્તિ સુનિશ્ચિત છે. આ આર્યોમાં પહેલાં ત્રણ **सेक्ख** (શૈક્ષ્ય) કહેવાય છે. જો કે તેઓએ અમૃત ચાખ્યું છે છતાં પણ સંપૂર્ણ ભવ–વિમુક્ત થવા માટે હજુ તેઓને થોડું વધારે શીખવાનું બાકી છે. પરંતુ ચોથા આર્ય જે અરહંત છે, તે પૂર્ણ રીતે ભવ–વિમુક્ત થઇ ચૂક્યા. તેઓને કંઇ વધુ શીખવાનું નથી રહેતું. આથી તે **असेक्ख** (અશૈક્ષ્ય) કહેવાય છે. **सेक्ख** માં સૌથી કનિષ્ઠ છે **स्रोतापन्न**; તેઓ પણ ત્રણ પ્રકારના હોય છે :

**एकबीजी –** તેઓ જે ફક્ત એક વાર જન્મ લઇને અને

**कोलङ्कोलो –** જેઓ બે કે ત્રણવાર જન્મ લઇને ભવમુક્ત થઇ જશે.

**सत्तक्खत्तुपरमो –** તેઓ છે જે સાતવાર સંધાવન, સંસરણ કરતાં ભવમુક્ત થશે.

આ જે ત્રીજા કનિષ્ઠતમ આર્ય છે, તે પણ વિશિષ્ટ સદ્ગુણ–રત્નોથી સમ્પન્ન છે. ગંભીરપ્રજ્ઞ ભગવાન બુદ્ધ દ્વારા પ્રદર્શિત દુઃખ, સમુદય, નિરોધ અને માર્ગરૂપી ચારેય આર્ય સત્યોને દરેક પ્રકારે અનુભવિત કરી લેવાને કારણે આ કનિષ્ઠતમ આર્ય ક્યારેક કોઇક જીવનમાં જો ભારે પ્રમાદમાં પડી જાય તો પણ આઠમો જન્મ ગ્રહણ કરતા નથી. સાત જન્મોમાં તેમની ભવસંસરણ ધારા દુર્બળ થતી થતી વિલય પામી જાય છે. કનિષ્ઠતમ આર્યસંઘનું આ પણ એક ઉત્તમ ગુણરત્ન છે. એવી વ્યક્તિ પરમ સત્ય નિર્વાણનો પ્રથમ સાક્ષાત્કાર કરીને જ્યારે મુક્તિના સ્રોતમાં પડી સ્રોતાપન્ન બને છે તો તેનાં ત્રણ બંધન તે જ ક્ષણે તૂટી જાય છે.

(૧) સત્કાય દૃષ્ટિ – દેહ અને ચિત્તનું સંપૂર્ણ અનિત્યધર્મા ક્ષેત્ર સ્વાનુભૂતિ ઉપર ઉતારી લેવાને કારણે તેના પ્રત્યે ભ્રામક આત્મબુદ્ધિ સ્વતઃ નષ્ટ થઇ જાય છે.

(૨) વિચિકિચ્છા – મુક્તિપથ પર ચાલતાં ચાલતાં મુક્તિફળનું સ્વયં આસ્વાદન કરી લેવાના કારણે માર્ગ અને માર્ગદાતા પ્રત્યે સંદેહ રહેવાનું કોઇ કારણ નથી રહેતું.

(૩) શીલવ્રતો પ્રત્યે આસક્તિ – મુક્તિફળદાયી માર્ગના અભાવે માનવ કોઇ એક શીલ અથવા વ્રતને ઉપહાસાસ્પદ અવસ્થા સુધી ખેંચીને તેને કર્મકાંડ બનાવી લે છે અને તેનાથી મુક્તિ પ્રાપ્ત કરવાની મિથ્યા માન્યતા પ્રત્યે આસક્ત હોય છે. પરિણામરૂપે મુક્તિપથનાં અન્ય બધાં અંગોની સાવ અવહેલના કરે છે. પરંતુ મુક્તિ સુધીનો બધો જ માર્ગ સ્વાનુભૂતિ પર ઉતારી લીધા પછી આ પથના પ્રત્યેક અંગનું મહત્ત્વ દરેક રીતે સ્પષ્ટ થઇ જાય છે. આમ કોઇ પણ એક અંગ પ્રત્યે આસક્ત થઇ જવાની અણસમજ સ્વતઃ નષ્ટ થઇ જાય છે.

આવી સ્રોતાપન્ન વ્યક્તિ ચારેય અધોગતિઓથી પૂર્ણ રીતે વિમુક્ત થઇ જાય છે, કારણ કે વિપશ્યના દ્વારા આ દુર્ગતિઓના બધા ભવકર્મ–સંસ્કાર નષ્ટ કરી લેવાથી જ નિર્વાણનો પ્રથમ સાક્ષાત્કાર કરી શકે છે, અને ત્યારબાદ અધોગતિનો કોઇ એવો સંસ્કાર બનાવી શકવો તેના માટે અસંભવ થઇ જાય છે. તે આવા દૂષિત સ્વભાવ–સકંજાની પકડમાંથી કાયમ માટે વિમુક્ત થઇ જાય છે. તેમાં આ પણ એક ઉત્તમ ગુણરત્ન છે.

આવી સ્રોતાપન્ન વ્યક્તિ છ પ્રકારના જઘન્ય દુષ્કર્મ કરી જ નથી શકતી–

(૧) માતૃહત્યા (૨) પિતૃહત્યા (૩) અરહંતહત્યા (૪) કોઇ બુદ્ધ ઉપર આઘાત (૫) સંઘમાં ફૂટ પડાવવી અને (૬) કોઇ અજ્ઞાની આચાર્યનું અનુગમન તેના માટે અશક્ય થઇ જાય છે. આવી સ્રોતાપન્ન વ્યક્તિ જો પ્રમાદવશ કાયા, વાણી કે ચિત્તથી ક્યારેક કોઇ દુષ્કર્મ કરી પણ લે તો તેને છુપાવી નથી શકતી. સ્વભાવતઃ તેને આવરણરહિત કરી દે છે અને ભવિષ્યમાં આવા દુષ્કર્મ ન કરવાનો દૃઢ સંકલ્પ કરે છે. તેમાં આ પણ એક ઉત્તમ ગુણરત્ન છે.

આ બધાં તો એક કનિષ્ઠતમ આર્યશ્રાવક સંઘનાં ગુણરત્ન છે. પરંતુ એ પછી એક વધુ ઊંચી અવસ્થાને પાર કરતાં જે અશૈક્ષ્ય અરહંત અવસ્થા સુધી પહોંચી ગયા, તેમના ગુણરત્નોનું તો કહેવું જ શું! તેઓ તો ગૌતમ બુદ્ધના આદેશાનુસાર દૃઢચિત્ત બની, પરાક્રમ–પુરૂષાર્થ કરતાં કરતાં કૃતકૃત્ય થઇ ગયા, પ્રાપ્તવ્ય–પ્રાપ્ત થઇ ગયા. તેઓ અમૃત અવસ્થામાં ઊંડે જઇને, નિતાંત ભવવિમુક્ત બની, વિમુક્તિ રસનું આસ્વાદન કરવા લાગ્યા. આવા ભવવિમુક્ત સત્પુરૂષ બધી પરિસ્થિતિમાં એવાં જ નિતાંત, નિષ્કંપ રહે છે. જેમ નગરના દ્વાર પર ઊંડે સુધી રોપેલો સ્થંભોને ઇન્દ્રખીલ કહેવાતા, તેનો એક નમૂનો આજે કુતુબમિનારની પાસે લોહ–સ્તંભના રૂપમાં રોપાયેલ છે.)

આવા અરહંતોનાં બધાં જ જૂનાં ભવકર્મ ક્ષીણ થઇ ગયાં, ફળ આપવા યોગ્ય ન રહ્યાં. હવે તે નવાં ભવકર્મ નથી કરી શકતાં. તેઓ ક્ષીણબીજ થઇ ગયાં. તેમનું ચિત્ત પુનર્જન્મથી સદા માટે વિરક્ત થઇ ગયું. તેમની બધી જ તૃષ્ણા સમાપ્ત થઇ ગઇ. શરીર છૂટયા પછી તે એ જ રીતે પરિનિવૃત્ત થઇ જાય છે, જે રીતે તેલ અને વાટ સમાપ્ત થતાં દીપક બુઝાઇ જાય છે.

આ પણ સંઘમાં ઉત્તમ રત્ન છે.

**एतेन सच्चेन सुवत्थि होतु।**

– આ સત્ય વચનથી સ્વસ્તિ હો ! કલ્યાણ હો ! મંગલ હો !

આ મહત્ત્વપૂર્ણ સૂત્રના પારાયણથી એક વાત વધુ સ્પષ્ટ રીતે ઉભરાઇને આવે છે કે ત્રણ રત્નોનું શરણ કોઇ સંપ્રદાયમાં દીક્ષિત થવા માટે નથી હોતું. શરણ વ્યક્તિનું નહીં, વ્યક્તિના સદ્ગુણોનું છે. બુદ્ધનું શરણ એટલે બુદ્ધમાં સમાયેલા સદ્ગુણોનું શરણ. ધર્મનું શરણ એટલે ધર્મમાં સમાયેલા સદ્ગુણોનું શરણ. સંઘમાં સમાયેલા સદ્ગુણોનું શરણ. સદ્ગુણ જ રત્ન છે અને રત્નોનું જ શરણ છે. આ ત્રિરત્ન–શરણ એ વાતની પ્રેરણા આપે છે કે આપણે પણ એવા સદ્ગુણ આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરતાં રહીએ. તેમાં આપણું મંગલ છે, કલ્યાણ છે. તેમાં આપણી ખરા અર્થમાં સ્વસ્તિ છે. તેમાં બધાનું મંગલ છે, કલ્યાણ છે. બધાંની ખરા અર્થમાં સ્વસ્તિ છે.

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**-"ધારણ કરે તો ધર્મ" પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મઅંબિકા કેન્દ્ર પર એક દિવસીય સેમિનાર

**ધમ્મઅંબિકા કેન્દ્ર - નવસારી ખાતે જૂના વિપશ્યી સાધકો માટે એક દિવસીય સેમિનાર.**

**તારીખ : ૦૨-૦૨-૨૦૨૦, રવિવાર**

**સમય : સવારે - ૮:૩૦ થી સાંજે ૫:૦૦ સુધી**

**વિપશ્યનાના ભારત પુનરાગમનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. ધર્મયાત્રાના ૫૦ વર્ષ દરમ્યાન ગુરુજી તેમજ જૂના સાધકોએ કેવી રીતે ધર્મના પ્રચાર-પ્રસારમાં યોગદાન આપ્યું તેની રસપ્રદ માહિતી સેમિનારમાં આપવામાં આવશે.**

**રજિસ્ટ્રેશન તથા વિશેષ માહિતી માટે**

| | |
|---|---|
| વિનોદભાઇ પટેલ | મો.: ૯૫૮૬૫૮૨૬૬૦<br>૦૨૬૧ - ૨૪૨૭૯૭૩ |
| વસંતભાઇ લાડ | મો.: ૯૪૨૮૧ ૬૦૭૧૪ |
| નરેન્દ્રભાઇ ભરવાડા | મો.: ૯૮૨૫૧ ૬૨૨૨૬ |
| ચિરાગભાઇ શાહ | મો.: ૯૮૨૫૧ ૪૮૨૬૮ |
| મનોજભાઇ ગાંધી | મો.: ૯૦૯૯૦ ૨૨૯૯૨ |

# ગુજરાતના વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. રજિસ્ટ્રેશન - સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, M : 78 78 72 72 40, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

01-01 to 12-01-20
15-01 to 26-01-20
29-01 to 09-02-20
12-02 to 23-02-20
04-03 to 15-03-20
18-03 to 29-03-20

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
17-01 to 25-01-20
03-09 to 11-09-20

**3 DAYS**
27-02 to 01-03-20

**1 DAY**
26-01-2020
23-02-2020

## ધમ્મ અંબિકા

નવસારી-બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.-૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 99090 38250, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

05-02 to 16-02-20
19-02 to 01-03-20
13-03 to 24-03-20

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
14-09 to 22-09-20

**10-DAY SPL.**
12-09 to 23-09-20

**3 DAYS**
05-03 to 08-03-20
09-04 to 12-04-20

**Teen. Girls**
15-04 to 23-04-20

**Teen. Boys**
25-04 to 03-05-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પ્લેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-237303, M : 78746 23305, 96385 77325, E-mail : info@sindhu.dhamma.org

19-02 to 01-03-20
06-04 to 17-04-20
19-04 to 30-04-20

**ફક્ત જૂના સાધકો માટે**
**20 DAYS**-4-3 to 25-3-20
**30 DAYS**-4-3 to 04-4-20
**45 DAYS**-1-1 to 16-2-20

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

14-02 to 25-02-20
05-05 to 16-05-20
**3 Days**-24-1 to 27-1-20
**3 Days**-27-3 to 30-3-20
**1 DAY**- 03-05-2020

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર-ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
M : 89800 01110, M : 94264 19397, E-mail : info@pitha.dhamma.org

08-01 to 19-01-20
22-01 to 02-02-20
05-02 to 16-02-20
19-02 to 01-03-20
04-03 to 15-03-20
18-03 to 29-03-20
01-04 to 12-04-20
15-04 to 26-04-20
10-05 to 21-05-20

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
20-08 to 28-08-20

**3 DAYS**
30-04 to 03-05-20

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, M : 8840833000, 98240 65668, E-mail : info@divakara.dhamma.org

01-01 to 12-01-20
15-01 to 26-01-20
29-01 to 09-02-20

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
14-03 to 22-03-20

**10-DAY SPL.**
12-03 to 23-03-20

**2-DAYS**
02-07 to 04-07-20

**3-DAYS**
05-11 to 08-11-20

**20 DAYS**
22-07 to 12-08-20

**30 DAYS**
22-07 to 22-08-20

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ-પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: <u>ધમ્મપાલી કેન્દ્ર :</u>**
M : 7878103636, M : 97149 11913, M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066, M : 88 66 71 3636, E-mail : dhammapali15@gmail.com

01-01 to 12-01-20
22-01 to 02-02
12-02 to 23-02
04-03 to 15-03
25-03 to 05-04
15-04 to 26-04

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
13-06 to 21-6-20

**1 DAYS**
05-01-2020
02-02-2020
01-03-2020
05-04-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

બુદ્ધરત્ન સીમારહિત, ધર્મરત્ન અનસીમ ।
સંઘરત્ન સીમારહિત, પ્રાણી સભી અસીમ ॥
તીન રત્ન કી શરણ મેં, ધરમ શરણ હી જાન ।
તીન રત્ન કી વન્દના, ધરમ વન્દના જાન ॥
બુદ્ધ ધરમ કા સંઘ કા, યહ સચ્ચા સમ્માન ।
જીવન જીઉં ધરમ કા, પાઉં પદ નિર્વાણ ॥

## દોહા ધરમના

તીન રત્ન કી શરણ મેં, આત્મ-શરણ પહચાન ।
આત્મ-શરણ હી ધર્મ હૈ, ધર્મ-શરણ સુખ ખાન ॥
શરણ સહી હૈ આત્મ કી, અન્ય શરણ ના કોય ।
આત્મ-શરણ સદ્ધર્મ-શરણ, સત્ય વચન સુખ હોય ॥
પૂજન અર્ચન, વન્દના, તો હી સર્થક હોય ।
જીવન મેં જાગે ધરમ, પાપ વિસર્જિત હોય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ - ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 12 ડિસેમ્બર 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**
**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org